પત્રિકા ૨૦૯

# ચિરાગે હિદાયત

૦૫/૦૫/૧૯ ૨૯ શાબાન

## રોઝા રોઝેદાર માટે ઢાલ છે.

"અય ઈમાન લાવનારાઓ! પોતાને અને પોતાના ઘરવાળાઓને તે આગથી બચાવો કે જેનું બળતણ ઈન્સાન અને પથ્થર છે. તે (આગ)ની ઉપર અતિ ક્રુર અને સખ્ત સ્વભાવના ફરિશ્તા નિયુક્ત કરેલા છે. તેમને અલ્લાહ તરફથી જે હુકમ આપવામાં આવે છે તે બજાવવામાં પાછી પાની કરતા નથી, અને તેમને જે હુકમ આપવામાં આવશે તેની ઉપર અમલ કરશે."

*- સૂરએ તહરીમ, આયત નં.૬*

આ આયતમાં ધ્યાન આપવા લાયક બાબત એ છે કે કુરઆને મજીદની આ આયતમાં જે વાત કહેવામાં આવી છે તે દુનિયાના ઈન્સાનો કે દુનિયાના મુસલમાનોને કહેવામાં નથી આવી.

અલ્લાહે એમ નથી કહ્યું કે મારા બંદાઓ, પોતાને અને પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો અને એમ પણ નથી કહ્યું કે કલમા પડવાવાળા મુસલમાનો પોતાને અને પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો.

પરંતુ અલ્લાહ કહે છે કે ‘અય ઈમાન લાવવાવાળાઓ તમને કહું છું કે તમે પોતાને અને પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો.’

આ વાત કહેવી જરૂરી છે કે જેટલા લોકો કલમો પડવાવાળા છે તે દરેક મુસલમાન છે, પરંતુ મોમીન તે છે કે નબી જે કાંઈ પણ લાવ્યા છે તેની ઉપર ઈમાન રાખતા હોય અને મોમીન તે છે જે ઈસ્નાઅશરી હોય છે. જે મોમીન છે તેમને અલ્લાહ કહે છે કે પોતાને બચાવો અને પોતાના ઘરવાળાઓને બચાવો અને તે આગથી બચાવો જેનું ઈંધણ ઈન્સાન અને પથ્થર છે.

મોઅમીનો! તે બહારનો મહિનો આવી ગયો છે જેને ‘રમઝાનુલ મુબારક’ કહેવામાં આવે છે જે અલ્લાહનો મહિનો છે અને રોઝેદાર આ મહિનામાં અલ્લાહના મહેમાન છે. પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.) ઈરશાદ ફરમાવે છે કે, ‘‘રોઝા જહન્નમની આગથી બચવા માટે ઢાલ છે.’’

જેવી રીતે જંગી હથિયારો દુન્યવી જંગોમાં તમારૂ રક્ષણ કરે છે, એવી જ રીતે રોઝા રોઝેદારને જહન્નમની આગથી ૭૦ વર્ષ સુધી દૂર રાખે છે.

### * રોઝેદારની શાન :

રોઝેદારનો દરેક શ્વાસ તસ્બીહ, તેની ખામોશી તસ્બીહ અને તેની ઊંઘ ઈબાદત છે. આ ઈબાદત એવી અઝીમુશ્શાન ઈબાદત છે કે જેવી ખાસિયત બીજી ઈબાદતને હાંસિલ નથી.

જનાબે મુસા(અ.સ.)ને અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યું કે "અય ઈબ્ને ઈમરાન! રોઝેદારના મોંની સુગંધ મારી નઝદીક મુશ્કથી વધારે સારી છે."

### * માહે રમઝાન કુરઆનની રોશનીમાં :

કુરઆને શરીફમાં જ્યાં 'રમઝાન' શબ્દ આવ્યો છે તેનાથી મુરાદ 'રમઝાનુલ મુબારક' નો મહિનો છે. આ એવો મહિનો છે જેનું કુરઆનમાં એહતેરામની સાથે નામ લેવામાં આવ્યું છે.

"માહે રમઝાન તે મહિનો છે જેમાં કુરઆન નાઝિલ કરવામાં આવ્યું છે જે લોકો માટે હિદાયત છે અને તેમાં હિદાયત અને હક-બાતિલના ફર્કની સ્પષ્ટ નિશાનીઓ મોજૂદ છે. માટે તમારામાંથી જે કોઈ આ મહિનામાં મોજૂદ હોય તેની ફર્ઝ છે કે રોઝા રાખે."

– સૂરએ બકરહ, આ. ૧૮૫

## * માહે રમઝાન અહાદીસની રોશનીમાં :

આ મહિનાની અઝમત અને તેના આમાલના બારામાં માઅસૂમીન(અ.મુ.સ.)થી ઘણી બધી અહાદીસ નકલ થઇ છે. જેમાંથી અમુક નીચે મુજબ છે :

૧) આ એક એવો મહિનો છે કે જેની સાચી માઅરેફત થઇ જાય તો લોકો આખા વર્ષ રમઝાનની તમન્ના કરત.

૨) આ ગુનાહોને ખત્મ કરવાનો મહિનો છે.

૩) આ આસમાનોના દરવાજા ખુલવાનો મહિનો છે.

૪) આ મગફેરતોનો મહિનો છે. અગર કોઇ શખ્સના ગુનાહ આ મહિનામાં માફ ન થાય તો કોઇ બીજા મહિનામાં તેના ગુનાહ માફ થવાની ઉમ્મીદ નથી.

૫) આ આસમાની કિતાબોનો નાઝિલ થવાનો મહિનો છે.

૬) આ સવાબમાં ઘણો વધારો થવાનો મહિનો છે.

૭) આ બેહિશ્તનો દરવાજો ખુલવાનો મહિનો છે.

૮) આ જહન્નમના દરવાજા બંધ થવાનો મહિનો છે.

૯) આ અલ્લાહની રહેમત અને બક્ષિશનો મહિનો છે.

૧૦) આ શેતાનને ઝંજીરમાં જકડવાનો મહિનો છે.

૧૧) આ કુરઆનની બહારનો મહિનો છે.

૧૨) 'રમઝાન' અલ્લાહના નામોમાંથી એક નામ છે.

ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે કે, "માહે રમઝાનમાં સારા અખ્લાકને જાહેર કરવું પુલે સેરાત ઉપર સાબિત કદમ રહેવાનું સબબ બને છે."

અય મોમીન! પોતાની તકદીર બનાવવા માટે અલ્લાહ પાસે ફરિયાદ કર. આ હકીકત છે કે આપણે અલ્લાહ તઆલા, હઝરત રસૂલ(સ.અ.વ.) વ આલે રસૂલ(અ.મુ.સ.) સાથે રોઝે કયામતના દિવસ સુધી જોડાયેલા રહેવું જોઈએ અને પોતાના ઈસ્તિગફાર માટે તેમનો વસીલો ઈખ્તેયાર કરવો જોઈએ.

અલ્લાહ આપણને માહે રમઝાનમાં એવી તૌફીક ઈનાયત ફરમાવે કે આપણે અલ્લાહના મુખ્લીસ બંદા અને ઈમામ(અ.સ.)ના હકીકી ચાહવાવાળા બની શકીએ અને આપણી ઝિંદગીમાં ખુશહાલી આવે.

અલ્લાહ તઆલા પાસે ઝમાનાના ઈમામ(અ.સ.)નો વાસ્તો આપીને દુઆ કરીએ કે માઅબુદ અમારા છેલ્લા શ્વાસ સુધી અમને ઈમાન અને વિલાયતે એહલેબૈત(અ.મુ.સ.) ઉપર સાબિત કદમ રાખ.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com